संदेश City Life

SUNDAY 21.10.2018

અમદાવાદની આજ અને કાલ...


Education Talk

### ચંદ્રયાન-૨ આ વર્ષે અથવા ૨૦૧૯ની શરૂઆતમાં પણ મોકલી શકાશ : ડૉ.જે.એન.ગોસ્વામી

# ચંદ્રયાન-૨ સ્પેસ ક્રાફ્ટ ચંદ્ર પરથી સ્થળની રૂપરેખા, ખનિજ વિજ્ઞાન, પાણીના પુરાવાઓ સહિતની મહત્ત્વની માહિતી એક્ઠી કરશે

સાઉથ ઈન્ડિયાના એક નાનકડા થુમ્બા ગામાથી વિક્રમસારાભાઈના માર્ગદશન હેઠળ શરૂ થયેલ ઈન્ડિયન સ્પેસ મિશનની યાત્રાના ચાર દસકા પછી આજે તે સ્પેસ ટેક્નોલોજી સુધી પહોંચી ગઈ છે. ચંદ્રયાન-૧ને મોકલવા માટે વર્ષ ૧૯૯૯થી અમે પ્લાનિંગ શરૂ કર્યું હતું, પરંતુ તેને મોકલવામાં દરેક વખતે અનેક ચેલેન્જિસનો સામનો કરવો પડયો હતો, પરંતુ એક વાત માટે અમે શ્યોર હતાં કે તેને વર્ષ ૨૦૦૮ સુધીમાં મોકલી દઈશું અને અમે અમારા મકસદમાં સફળ પણ રહ્યા તેમ આઈ.આઈ.ટી.ગાંધીનગર ખાતે બે દિવસીય એન્યુઅલ ઈવેન્ટ અમલ્થિયામાં હાજર રહેલ અને મિનમેન તરીકે ઓળખાતા જે.એન. ગોસ્વામીએ જણાવ્યુ હતુ. આ પ્રસંગે તેમણે ચંદ્રયાન-૨ વિશે વાત કરતાં કહ્યું હતું કે ચંદ્રયાન-૨ને મોકલવાની બધીજ તૈયારી થઈ ચૂકી છે તેને આ વર્ષે અથવા ૨૦૧૯ની શરૂઆતમાં પણ લૉન્ચ કરી શકાય છે. ૮૦૦ કરોડના ચંદ્રયાન મિશન વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે ચંદ્રયાન-૨ સ્પેસ ક્રાફ્ટ ચંદ્ર પરથી સ્થળની રૂપરેખા, ખનિજ વિજ્ઞાન, પાણીના પુરાવાઓ સહિતની મહત્ત્વની માહિતી એકઠી કરશે. સ્ટુડન્ટ્સને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે પોતાની ભુલો પરથી પણ શીખી શકાય અને બીજાની પાસેથી પણ શીખવું જોઈએ. સેલ્ફ રિલાન્ટ બનવું જોઈએ.





## ડ્રોન અને ડ્રિફ્ટ કોમ્પિટિશને આકર્ષણ જમાવ્યું

આઇ.આઇ.ટી.ગાંધીનગર ખાતે બે દિવસીય એન્યુઅલ ઇવેન્ટ અમલ્થિયા ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વખતે દેશભરની વિવિધ પ્રિમિયર ઇન્સ્ટિટ્યૂટસના સ્ટુડન્ટ્સ દ્વારા પ્રોજેક્ટ્સ ડિસ્પ્લે કરવામાં આવ્યા હતા. એક્ઝિબિશનમાં ડિજિટલ સ્થેથોસ્કોપ, ૩ડી પ્રિન્ટર, હ્યુમેનોઇડ રોબોટ, પોર્ટેબલ સોલર પેનલ, આઇ ટચ, એડવાન્સ વોકિંગ સ્ટિક ફોર બ્લાઇન્ડે પાર્ટિસિપેટ કર્યું હતું. આઇ.આઇ.ટી.ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ્સ તેમજ એક્ઝિબિશનની વિઝિટ કરવા આવતા લોકોને ઇન્ડિયન આર્મીમાં વપરાતા લોન્ચર અને ગનની વિશે માહિતી આપી તે ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યાં હતા, સાથે જ ગેસ્ટ લેક્ચર સિરીઝનું પણ આયોજન કરાયું હતું. આ વખતે ડી.આર.એ ઇવેન્ટ એટલે ડ્રોન કમ્પિટિશન અને ડ્રિફ્ટ કોમ્પિટિશને આકર્ષણ જમાવ્યું હતું.

### IITGn ખાતે બે અમલ્થિયા ૨૦૧૮માં વિવિધ ગેસ્ટ લેક્ચર સિરીજ પણ યોજાઈ


લીટી ફર્નિચર આપતું સ્થળ










**Title:** Various guest lecture series organized at IITGN Amlathea 2018
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** [http://sandeshepaper.in/edition/53355/ahmedabad/page/17#](http://sandeshepaper.in/edition/53355/ahmedabad/page/17#)
**Date:** 21-10-2018